GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Golden Health Check-up (ગોલ્ડન હેલ્થ ચેકઅપ)
Rs. 5800/- Rs. 2500/-
- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- યુરિન (પેશાબ) ચેકઅપ (Urine Test)
- સુગર તપાસ (Diabetes Test) FBS, PPBS, GHB
- કીડની તપાસ (Kidney {Renal} Profile) Urea, Creatinine, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
- લીવર તપાસ (Liver-Hepatic Test) SGPT, SGOT, Bilirubin, ALP, Protien
- કોલેસ્ટ્રોલ (ચરબી) તપાસ (Cholesterol, Triglyceride), HDL, LDL, V.L.D.L. Total Lipid)
- થાઈરોઈડ તપાસ (Thyroid Test) T3 T4 TSH
- છાતીની તપાસ (Chest X-Ray) – ન્યુટ્રીશન તપાસ (Nutrition Profile) Vita B12, Vita D3
- હૃદયની તપાસ (Cardiac Test) ECG
- સંધિવા તપાસ (Arthritis Test), RA Test – દાંતની તપાસ (Dental Checkups)
- એમ.ડી. ડોક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ વદ આઠમ, રવિવાર ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૬૮

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦




## અમે રશિયા કે ચીનને અમારા પડોશી તરીકે સહન કરી શકીએ નહીં, ગ્રીનલેન્ડ લઈને જ રહીશું: ટ્રમ્પ

**ગમે કે** ન ગમે, ગ્રીનલેન્ડ બાબતે "કંઈક મોટું" કરવા જઈ રહ્યા છે: ટ્રમ્પ

**વોશિંગ્ટન:** અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ગ્રીનલેન્ડ ખરીદવાની અથવા તેના પર કબજો મેળવવાની પોતાની ઈચ્છા જગજાહેર કરી છે. વ્હાઇટ હાઉસમાં ઓઇલ અને ગેસ કંપનીના અધિકારીઓ સાથેની બેઠક દરમિયાન ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે તેઓ ગ્રીનલેન્ડ બાબતે "કંઈક મોટું" કરવા જઈ રહ્યા છે, પછી ભલે તે કોઈને ગમે કે ન ગમે. ગ્રીનલેન્ડ ખરીદવાની યોજના અંગે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે તેઓ આ વિશાળ પ્રદેશ માટે કેટલી રકમ ચૂકવવા તૈયાર છે, ત્યારે તેમણે હાલમાં કોઈ આંકડો જાહેર કરવાનો ઇનકાર કર્યો હતો. શુક્રવારે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે, "હું અત્યારે ગ્રીનલેન્ડ બાબતે નાણાંની કોઈ વાત નથી કરી રહ્યો, પરંતુ ભવિષ્યમાં ચોક્કસપણે તેમ કરી શકું છું." આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ સાંસદોને જાણ કરી હતી કે ટ્રમ્પનો ઈરાદો ગ્રીનલેન્ડને ખરીદવાનો જ છે. ટ્રમ્પે કહ્યું, "અમે અત્યારે જ ગ્રીનલેન્ડ બાબતે કંઈક કરવા જઈ રહ્યા છીએ, પછી ભલે તેમને (ડેનમાર્ક કે ગ્રીનલેન્ડને) તે ગમે કે ન ગમે. જો અમે આ પગલું નહીં ભરીએ, તો રશિયા અથવા ચીન ગ્રીનલેન્ડ પર કબજો જમાવી લેશે. અમે રશિયા કે ચીનને અમારા પડોશી તરીકે સહન કરવા તૈયાર નથી." "સરળ રસ્તો કે કઠિન રસ્તો": ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે, "હું આ સોદો સરળ રીતે કરવા માંગુ છું, પરંતુ જો તેમ નહીં થાય, તો અમે મુશ્કેલ રસ્તો (Hard way) અપનાવીશું. આપણે ગ્રીનલેન્ડની જરૂર છે કારણ કે જો અમે ત્યાં નહીં હોઈએ, તો રશિયા અથવા ચીન ત્યાં કબજો જમાવી લેશે. અમે રશિયા કે ચીનને અમારા પડોશી તરીકે સહન કરી શકીએ નહીં." ડેનમાર્ક

...અનુસંધાન પાના 11 પર

# અમેરિકા ભારતને વેનેઝુએલાનું ઓઈલ ખરીદવા દેશે

**ભારત** માટે ટ્રમ્પની 'સ્પેશિયલ ઓફર': અમેરિકાના નિયંત્રણ હેઠળ હવે વેનેઝુએલાનું સસ્તું તેલ ખરીદી શકશે ભારત

વોશિંગ્ટન: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે ભારત માટે રાહતના સમાચાર આપ્યા છે. વ્હાઈટ હાઉસે સંકેત આપ્યો છે કે તે ભારતને અમેરિકા દ્વારા સંચાલિત નવા માળખા (Framework) હેઠળ વેનેઝુએલાનું કાચું તેલ ખરીદવાની મંજૂરી આપવા તૈયાર છે. આનાથી અમેરિકી પ્રતિબંધોને કારણે વર્ષોથી અટકેલા તેલના વેપાર ફરી શરૂ થવાની શક્યતા વધી ગઈ છે.

"હા, અમે તૈયાર છીએ" ભારતની વિશાળ અને સતત વધતી જતી ઉર્જા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્રના એક વરિષ્ઠ અધિકારીને પૂછવામાં આવ્યું કે શું અમેરિકા ભારતને વેનેઝુએલાનું તેલ ફરીથી ખરીદવા દેશે, ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં "હા" પાડી હતી. જોકે, તેમણે એમ પણ ઉમેર્યું હતું કે આ સોદાના ઝીણવટભર્યા પાસાઓ (finer details) પર હજુ કામ ચાલી રહ્યું છે.

અમેરિકાનું કડક નિયંત્રણ યુએસ એનર્જી સેક્રેટરી ક્રિસ્ટોફર રાઈટના જણાવ્યા મુજબ, વોશિંગ્ટન હવે વેનેઝુએલાના તેલને "લગભગ તમામ દેશો" ને વેચવા માટે ખુલ્લું છે, પરંતુ તે અત્યંત કડક અને અમેરિકાના નિયંત્રણ હેઠળના માળખામાં હશે.

ભારત માટે મહત્વ પ્રતિબંધો પહેલા ભારત વેનેઝુએલાના સૌથી મોટા ગ્રાહકોમાંનું એક હતું. ભારતની રિફાઈનરીઓ વેનેઝુએલાના ભારે કાચા તેલ (Heavy Crude) ને પ્રોસેસ કરવા માટે સક્ષમ છે. જો આ પુરવઠો ફરી શરૂ થાય, તો ભારતને તેના ઉર્જા સ્ત્રોતોમાં વિવિધતા લાવવામાં મદદ મળશે, ખાસ કરીને એવા સમયે જ્યારે રશિયન તેલ પરના પ્રતિબંધોને કારણે દબાણ વધી રહ્યું છે. ટ્રમ્પની ૧૦૦ અબજ ડોલરની યોજના ટ્રમ્પે તાજેતરમાં ઓઈલ કંપનીઓના અધિકારીઓ સાથેની બેઠકમાં જણાવ્યું હતું કે અમેરિકી કંપનીઓ વેનેઝુએલાના તેલ ક્ષેત્રમાં ૧૦૦ અબજ ડોલરનું રોકાણ કરશે. તેમણે કહ્યું કે, અમેરિકા વેનેઝુએલાના સંગ્રહિત ૩ થી ૫ કરોડ બેરલ તેલના વેચાણ પર નિયંત્રણ રાખશે અને ભવિષ્યમાં પણ તેનું સંચાલન કરશે.

આ પગલું વૈશ્વિક ઓઈલ માર્કેટમાં મોટો ફેરફાર લાવી શકે છે અને ભારત જેવા તેલ આયાતકાર દેશો માટે એક મહત્વનો વ્યૂહાત્મક વિકલ્પ પૂરો પાડી શકે છે.

### આ યોજનાની ખાસિયતો

- **સીધું માર્કેટિંગ:** તેલનું માર્કેટિંગ અમેરિકી સરકાર દ્વારા કરવામાં આવશે.
- **બેંક ખાતા પર નિયંત્રણ:** તેલના વેચાણથી મળેલા નાણાં વોશિંગ્ટન દ્વારા નિયંત્રિત ખાતાઓમાં જ જશે.
- **લોકોનો ફાયદો:** આ નાણાંનો ઉપયોગ વેનેઝુએલાના લોકોના હિત માટે કરવામાં આવશે, નહીં કે ભ્રષ્ટાચાર અથવા કોઈ શાસન માટે.

## સોમનાથના આકાશમાં ભક્તિ અને ટેકનોલોજીનો અદ્ભુત સંગમ









**3,000 ડ્રોન** દ્વારા ઇતિહાસનું જીવંત પ્રદર્શન

સોમનાથ મંદિરના સાનિધ્યમાં શનિવારે રાત્રે 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત યોજાયેલો મેગા ડ્રોન શો ઉપસ્થિત હજારો ભક્તો માટે જીવનભરનું સંભારણું બની ગયો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં આયોજિત આ કાર્યક્રમમાં આધુનિક ટેકનોલોજી દ્વારા સોમનાથના હજારો વર્ષ જૂના વારસાને આકાશમાં કંડારવામાં આવ્યો હતો. આકાશમાં શિવમય માહોલ: શોની શરૂઆતમાં ડ્રોન દ્વારા આકાશમાં 'ઓમ', 'ત્રિશુલ' અને 'ડમરુ' જેવી પવિત્ર આકૃતિઓ રચાઈ ત્યારે આખું પરિસર હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

ભવ્ય ૩-ડી પ્રતિકૃતિ: ડ્રોને ભેગા મળીને સોમનાથ મંદિરની એક વિશાળ ૩-ડી આકૃતિ બનાવી હતી, જેની ભવ્યતા જોઈને વડાપ્રધાન સહિતના મહાનુભાવો મંત્રમુગ્ધ થયા હતા.

ડ્રોન શોના સમાપન બાદ અરબી સમુદ્રના કિનારે ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી, જેનાથી આખું આકાશ રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું.

# ઈરાનમાં પ્રચંડ દેખાવો જારી

**ટાઇમના** અહેવાલ મુજબ સરકાર દેખાવકારો પર તૂટી પડી, 217નાં મોત

**દુબઈ/તહેરાન, તા. 10:** ઈરાનમાં આર્થિક કટોકટી અને ઈસ્લામિક શાસન સામે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અટકવાનું નામ નથી લઈ રહ્યા. ઈન્ટરનેટ અને ફોન સેવાઓ સંપૂર્ણપણે ઠપ્પ હોવા છતાં, હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. અમેરિકા સ્થિત માનવાધિકાર સંસ્થાના જણાવ્યા અનુસાર, હિંસામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૭૨ લોકો માર્યા ગયા છે અને ૨,૩૦૦ થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. મળતા અહેવાલો મુજબ, ઈરાનના તમામ ૩૧ પ્રાંતોના નાના-મોટા ૨૨૦થી વધુ નગરો અને શહેરોમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. ઈરાનના ઈતિહાસમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો અને વ્યાપક જનવિદ્રોહ માનવામાં આવી રહ્યો છે

**'ખુદાના શત્રુ' ગણી મોતની સજાની ચેતવણી:** ઈરાનના એટર્ની જનરલ મોહમ્મદ મુવાહેદી આઝાદે પ્રદર્શનકારીઓને કડક ચેતવણી આપતા જણાવ્યું છે કે વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનાર કોઈપણ વ્યક્તિને "ખુદાના શત્રુ" ગણવામાં આવશે. ઈરાની કાયદા મુજબ આ ગુના માટે 'મોતની સજા'ની જોગવાઈ છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે પ્રદર્શનકારીઓને મદદ કરનારાઓ સામે પણ કોઈ પણ દયા રાખ્યા વગર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**અમેરિકાનું સમર્થન અને ટ્રમ્પની ચેતવણી:** અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ઈરાનના લોકોના સાહસને બિરદાવતા સમર્થન જાહેર કર્યું છે. અમેરિકી વિદેશ મંત્રાલયે ઈરાનને કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું છે કે, "પ્રેસિડેન્ટ ટ્રમ્પ સાથે રમત ન રમો, તેઓ જે કહે છે તે કરીને જ જંપે છે." આ નિવેદન બાદ ઈરાન પર આંતરરાષ્ટ્રીય દબાણ વધ્યું છે.



### સિટી સેન્ટરો કબજે કરો: પ્રિન્સ

પ્રિન્સ રેઝા પહેલવીએ શનિવારે ઈરાનની જનતાને એક નિર્ણાયક અને સુનિયોજિત વિદ્રોહ (Nationwide Uprising) માટે હાકલ કરી છે. તેમણે પ્રદર્શનકારીઓને માત્ર રસ્તા પર ઉતરવા જ નહીં, પરંતુ ઈસ્લામિક પ્રજાસત્તાકના પતન માટે પદ્ધતિસરની રણનીતિ અપનાવવા વિનંતી કરી છે. ક્રાઉન પ્રિન્સની નવી રણનીતિના ૩ મુખ્ય મુદ્દા: ૧. શહેરોના કેન્દ્રો પર કબજો: પ્રિન્સે પ્રદર્શનકારીઓને વિનંતી કરી છે કે તેઓ પોતપોતાના શહેરોના મુખ્ય કેન્દ્રો અને સરકારી વહીવટી મથકો પર નિયંત્રણ મેળવી લે. ૨. આર્થિક હડતાળ: તેમણે તેલ અને ગેસ જેવા મુખ્ય આર્થિક ક્ષેત્રોમાં કામ કરતા કર્મચારીઓને હડતાળ (Strikes) પાડવા અપીલ કરી છે, જેથી સરકારની આવકના સ્રોત બંધ થઈ જાય. ૩. સતત પ્રદર્શન: આંદોલન નબળું ન પડે તે માટે તેમણે રસ્તા પરના વિરોધ પ્રદર્શનો ચાલુ રાખવા અને એકતા જાળવી રાખવા ભાર મૂક્યો છે.

### 50 વર્ષ બાદ વતન પરત ફરશે ક્રાઉન પ્રિન્સ રેઝા પહેલવી

ઈરાનમાં ચાલી રહેલી 'રાષ્ટ્રીય ક્રાંતિ' વચ્ચે અમેરિકામાં નિર્વાસિત જીવન જીવી રહેલા ઈરાનના ક્રાઉન પ્રિન્સ રેઝા પહેલવીએ એક અત્યંત મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. ૬૫ વર્ષીય પહેલવીએ જણાવ્યું છે કે તેઓ ટૂંક સમયમાં ઈરાન પરત ફરવાની તૈયારી કરી રહ્યા છે, જેથી તેઓ પ્રદર્શન કરી રહેલી જનતાની સાથે ખભેખભા મિલાવીને ઊભા રહી શકે. રેઝા પહેલવીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું કે, "હું પણ મારા દેશ પરત ફરવાની તૈયારી કરી રહ્યો છું, જેથી આપણી રાષ્ટ્રીય ક્રાંતિની જીતના સમયે હું આપ સૌની વચ્ચે, ઈરાનની મહાન જનતાની સાથે ઊભો રહી શકું. મને પૂરો ભરોસો છે કે તે દિવસ હવે બહુ નજીક છે."

સરકારી દાવો વિરુદ્ધ જમીની હકીકત: ઈરાનનું સ્ટેટ ટીવી દેશમાં શાંતિ હોવાનો દાવો કરી રહ્યું છે અને વિરોધ પ્રદર્શનોને "વિદેશી તાકતો દ્વારા પ્રેરિત આતંકવાદી હુમલા" ગણાવી રહ્યું છે. જોકે, સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં તેહરાનના સાદત આબાદ વિસ્તારમાં હજારો લોકો "ખમેની મુર્દાબાદ" ના નારા લગાવતા જોવા મળી રહ્યા છે. બીજી તરફ, પ્રદર્શનકારીઓએ સુરક્ષા દળોના કેટલાક સભ્યોને પણ નિશાન બનાવ્યા હોવાના અહેવાલ છે.

ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ ચાલી રહેલા વિદ્રોહને દબાવવા માટે સરકાર હવે અત્યંત હિંસક માર્ગે વળી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રક્તપાત રોકવા અને અન્યથા દરમિયાનગીરી કરવાની

...અનુસંધાન પાના 11 પર

# પોક્સો કાયદામાં સુપ્રીમ કોર્ટે 'રોમિયો-જુલિયટ' કલમ દાખલ કરવા સૂચન કર્યું

**પોક્સો** એક્ટના દુરુપયોગ સામે સુપ્રીમ કોર્ટની લાલ આંખ; સગીરો વચ્ચેના સંમતિથી 'પ્રેમ સંબંધો'ને ગુનાહિત શ્રેણીમાંથી બહાર રાખવા વિચારણા

**નવી દિલ્હી, તા. 10:** એક મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે સૂચન કર્યું છે કે, કેન્દ્ર સરકાર પોક્સો કાયદામાં 'રોમિયો-જુલિયટ' કલમ દાખલ કરવાનું વિચારે, જેથી સંમતિથી બનેલા સંબંધો ધરાવતા કિશોરોને ફોજદારી કાર્યવાહીમાંથી મુક્તિ મળે, ભલે પરસ્પર સંમતિની ઉંમર (18 વર્ષ)થી ઓછી હોય અને તેમની વચ્ચે ઉંમરનો નાનો તફાવત હોય.

ન્યાયાધીશ સંજય કરોલ અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટના એક ચુકાદા સંબંધિત કેસની પોસ્ટસ્ક્રિપ્ટમાં આ આદેશ આપ્યો હતો.

''આ કાયદાઓના દુરુપયોગ પર વારંવાર ન્યાયિક સંજ્ઞાનને ધ્યાનમાં લેતાં આ ચુકાદાની એક નકલ ભારત સરકારના કાયદા સચિવને મોકલવામાં આવે, જેથી આ જોખમને રોકવા માટે શક્ય પગલાં પર વિચાર કરી શકાય, જેમાં સૌ પ્રથમ રોમિયો-જુલિયટ કલમ દાખલ કરવાનું સામેલ છે, જે સાચા કિશોરોના સંબંધોને આ કાયદાના કાર્યક્ષેત્રમાંથી મુક્તિ આપશે. તેમજ આ કાયદાઓનો ઉપયોગ કરીને બદલો લેવા માંગતા લોકો પર કાર્યવાહી કરવા માટે એક પદ્ધતિ સ્થાપિત કરવામાં આવે.''

હાઈકોર્ટે સગીરોને જામીન આપતી વખતે તપાસ એજન્સીઓને પીડિતોની ઉંમર નક્કી કરવા માટે તપાસની શરૂઆતમાં જ ઓસિફિકેશન ટેસ્ટ જેવા તબીબી પરીક્ષણો કરવા માટે વ્યાપક નિર્દેશો જારી કર્યા હતા. હાઈકોર્ટના વ્યાપક નિર્દેશને નકારી

...અનુસંધાન પાના 11 પર

### હલ્દિયામાં નવું નૌસેના બેઝ સ્થાપવાનો નિર્ણય

# બંગાળની ખાડીમાં ચીન-બાંગ્લાદેશ પર ભારતની 'બાજ નજર'

**આ બેઝ** પર નાના યુદ્ધ જહાજો અને હાઈ-સ્પીડ બોટ્સ તૈનાત કરવામાં આવશે

**કોલકાતા/નવી દિલ્હી:** બંગાળની ખાડીમાં ચીનની વધતી જતી દખલગીરી અને બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન બાદ સર્જાયેલી અસ્થિરતાને ધ્યાનમાં રાખીને ભારત સરકારે પશ્ચિમ બંગાળના હલ્દિયામાં નવું નૌસેના બેઝ સ્થાપવાનો નિર્ણય લીધો છે. રક્ષામંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ વ્યૂહાત્મક પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. આ બેઝ પરથી નાના યુદ્ધ જહાજો અને હાઈ-સ્પીડ બોટ્સ તૈનાત કરવામાં આવશે. આનાથી દરિયાઈ ક્ષેત્રમાં કોઈપણ શંકાસ્પદ હિલચાલ દેખાતા નૌસેના ગણતરીની મિનિટોમાં કાર્યવાહી કરી શકશે.

નેવી આ બેઝ માટે હલ્દિયા ડોક કોમ્પ્લેક્સનો ઉપયોગ કરશે. આ એક વ્યૂહાત્મક નિર્ણય છે, કારણ કે તેનાથી નવું માળખું ઊભું કરવાનો સમય અને ખર્ચ બચશે, પરિણામે આ બેઝ ખૂબ જ ઝડપથી કાર્યરત થઈ શકશે.

ચીન સતત તેના 'રિસર્ચ શિપ' અને સબમરીન દ્વારા બંગાળની ખાડીમાં જાસૂસી કરવાની કોશિશ કરતું રહ્યું છે. હલ્દિયામાં નેવલ બેઝ બનવાથી ભારતીય નૌસેના આ વિસ્તારમાં ચીનની કોઈપણ હિલચાલ પર તાત્કાલિક પ્રતિક્રિયા આપી શકશે. આ બેઝ ભારતની 'એક્ટ ઈસ્ટ' પોલિસી માટે મજબૂત પાયો

...અનુસંધાન પાના 11 પર

### તા. ૧૦-૦૧-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૮.૦° સે. | ૧૩.૬° સે. | ૪૧% |